## જન્મદિને વધામણી



**કનુભાઈ એસ દવે**
પ્રમુખ, માનવસેવા મંડળ
વક્તા, ગાંધીકથા
મો. ૭૮૭૮૩ ૨૨૬૬૩



**વાઘેલા જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ**
રાજપુત સમાજ, ગાંધીનગર
મો. ૯૪૦૬૦૮૪૬૬૬



**રેસુંગ ચૌહાણ**
મો. ૯૯૭૮૮ ૯૪૨૮૯

# સ્કૂલ ઓફ અચિવરમાં દિક્ષાન્ત સમારોહ

ગાંધીનગર, તા. ૨૨

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ ખાતે ગુરુવારે દિક્ષાન્ત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના અભ્યાસને અંતે 'સમાવર્તન સંસ્કાર'નો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો હતો. ધોરણ-૯ના વિદ્યાર્થીઓ તથા સ્કૂલના શિક્ષકોએ આ વિદ્યાર્થીઓ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કર્યું હતું અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યાં હતાં. સ્કૂલે




વિદ્યાર્થીઓનાં ભાવિ જીવનની સફળતા માટે પ્રેરક વિચારો તથા શુભકામનાઓથી સભર દિક્ષાન્તપત્રો એનાયત કર્યા હતા. ઉપાચાર્યએ પ્રેરણાદાયક પ્રવચન કરી આશીર્વચન પાઠવ્યાં હતાં. પ્રિન્સિપાલે કાર્યક્રમના અંતિમ ચરણમાં દિક્ષાન્ત પ્રવચન કરી વિદ્યાર્થીઓને સ્કૂલ પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભાવુક દૃશ્યો સર્જાયાં હતાં.

વિદાય લઈ રહેલા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ સ્કૂલને કદી ન ભૂલવા તથા ગુરુજનોનાં વચનોને આત્મસાત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.



વિર સહિદ જવાનોને સધ્ધાજંલિ આપવા માટે વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા શ્રી ભારતીબાપુની વ્યાસ પીઠે ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામા ભક્તોએ લાભ લીધો હતો.



પેથાપુર-મહુડી હાઈવે પર આવેલ મહર્ષિ અત્રિ તપોવનના ભૂતપૂર્વ વિદ્યાર્થી કેવલ નરેન્દ્રભાઈ ભાવસાર તેમજ નિશાંત પ્રજાપતિએ કોરિયા મુકામે તાલીમ લઈને કરાટે રમતમાં બ્લેકબેલ્ટ મેળવ્યો છે. તેમની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# એસએસવી કેમ્પસમાં શાનદાર કાર્નિવલનો પ્રારંભ










સેક્ટર-૩ બી ખાતે સ્થિત એસએસવી સ્કૂલ પરિસરમાં શાનદાર કાર્નિવલનો પ્રારંભ શુક્રવારથી કરવામાં આવ્યો છે.

આ મેગા એક્સેલ કાર્નિવલમાં ઈમ્પેક્ટ ઓફ ટેકનોલોજી, સોશિયલ મીડિયા, મોબાઈલ એન્ડ ગેમ એડિક્શન ઓન ચિલ્ડ્રન, સેવ ધ ગર્લ ચાઈલ્ડ, ઈમ્પોર્ટન્સ ઓફ સ્પોર્ટ્સ, સેલ્ફ લર્નિંગ સ્ટ્રેટેજિસ, વેલ્યૂ પ્રેક્ટિસ ઈન ધી લાઈફ ઓફ ચાઈલ્ડ, કમ્યુનિટી હેલ્પર્સ જેવા વિદ્યાર્થીઓ માટે સાવ અનોખા ગણાય તેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શાળાના પરિસરમાં પ્રવેશો એટલે સુંદર મજાના સ્વાગત ગીતથી વિદ્યાર્થિનીઓ અતિથિઓને આવકારે. એ પછી વિદ્યાર્થીઓ દ્વારા યોગનું સુંદર નિદર્શન અને ત્યારબાદ ૧૩ અલગ અલગ વિષયના અલગ અલગ ક્લાસરૂમની માહિતી વિદ્યાર્થિની દ્વારા આપવામાં આવે. એ પછી રંગોળીથી સભર એક રૂમ, જેમાં આખાય કાર્નિવલનો સેન્ટ્રલ આઈડિયા આપવામાં આવ્યો છે. ને એ પછી એક પછી એક ક્લાસરૂમ, જેમાં કતારબદ્ધ વિદ્યાર્થીઓ મુખ્ય વિષયને અનુરૂપ મુદ્દાઓ સાથે તૈયાર ઊભા હોય, સાથે શિક્ષક પણ હોય. વિવિધ વયનાં, વિવિધ ભાષા અને કૌશલ ધરાવતાં બાળકો પોતાનો મુદ્દો અતિથિ સમક્ષ સમજાવે ને વિષયની મહત્તાને સ્પષ્ટ કરે. ક્યાંક નાનકડું નાટક ચાલે તો ક્યાંક અતિથિને ગેમ પણ રમાડવામાં આવે.

વર્ગોની સજાવટ અને વિદ્યાર્થીઓ, શિક્ષકોનો ઉત્સાહ સૌથી વધુ સરાહનીય બાબત. શિક્ષણ, બાળ કે સર્જનાત્મક પ્રવૃત્તિપ્રેમીઓએ ન ચૂકવા જેવી ઈવેન્ટ. શનિવાર અને રવિવાર બપોરે ૨થી ૫.૩૦ કલાક દરમિયાન મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત તો ચોક્કસ કરી શકાય.

# ઈવેન્ટ મેનેજર બનવા માટે શું કરવું જોઈએ?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઇ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું બી.બી.એ.નો અભ્યાસ કરું છું.ઇવેન્ટ મેનેજર બનવા માટે શું કરવું જોઈએ?**

**- ચિરાગ મોદી, દહેગામ**

ચિરાગ,એક સર્ટિફાઇડ ઈવેન્ટ પ્લાનર્સ ઈવેન્ટના તમામ પાસાંઓના સંકલન અને સંચાલનનું કામ સંભાળે છે. તે માટે કોઈ ફિક્સ અથવા માત્ર એક કોર્સ નથી કરવાનો હોતો.તે માટે વિદ્યાર્થીઓ અલગ-અલગ



શૈક્ષણિક બેકગ્રાઉન્ડમાંથી આવે છે, પરંતુ તે સામાન્ય રીતે બેચલર ડિગ્રી ધારકો હોય છે. ઘણા પ્લાનર્સ કોઈક નાના કામથી શરૂ કરતાં હોય છે. જેમ કે કેટરિંગ કોઓર્ડિનેટર પોઝિશન,પાર્ટી આયોજક વગેરે. યોગ્ય શિક્ષણ અને અનુભવ સાથે, આયોજનકારો મોટા કાર્યક્રમો, જેમ કે સંમેલનો અને કોર્પોરેટ મીટિંગ્સનું આયોજન કરી શકો છો.પ્રમાણિત ઈવેન્ટ પ્લાનર બનવા માટે, તમારે હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, માર્કેટિંગ, જાહેર સંબંધો, સંચાર અથવા વ્યવસાયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરવી જોઈએ. ડિગ્રી વગર તમને ક્ષેત્રમાં ૧-૨ વર્ષનો અનુભવની જરૂર પડશે. તમારે સંચાર, ગ્રાહક સેવા, આંતરવ્યક્તિગત વાટાઘાટ અને સમસ્યા હલ કરવાની કુશળતાની પણ જરૂર પડશે. તમે ઑનલાઈન સોશિયલ મીડિયા, પ્રોજેક્ટ મેનેજમેન્ટ સૉફ્ટવેરનું જ્ઞાન સાથેની મૂળભૂત કમ્પ્યુટર કુશળતા અને આધુનિક કૌશલ્ય ધરાવતા હોવ એ જરૂરી છે. ઈવેન્ટ પ્લાનર્સ લગ્ન જેવી ખાનગી અને જાહેર ઈવેન્ટ્સ ગોઠવે છે. કન્વેન્શન સર્વિસ મેનેજર્સ બધી વિગતો સંચાલિત થાય તેની ખાતરી કરવા માટે હોટલ જેવી કંપનીઓ અને સ્થળો વચ્ચેના જોડાણ તરીકે કાર્ય કરે છે.આ ક્ષેત્ર માં સૌથી જરૂરી છે આપનું માર્કેટ માં અન્ય લોકો અથવા કસ્ટમર્સ સાથે નેટવર્કિંગ એટ્લે કે સંબંધો સારા હોવા જરૂરી છે.એ આપને જરૂર મદદરૂપ થઈ શકશે.અને બીજી વસ્તુ છે ટાઈમ મેનેજમેન્ટ.આપે આપના કામ માં સમય સૂચકતા બહુ મોટો ભાગ ભજવે છે.આમ આપ જો આ ક્ષેત્ર માં જવા માંગો છો તો ઉપરોક્ત બાબતોનું ધ્યાન રાખી જરૂરી મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. હું હ્યુમનિટીસ (આર્ટ્સ)માં ધોરણ ૧૨માં અભ્યાસ કરું છુ. આર્ટ્સ પછી આગળ અભ્યાસ માટે કયા કયા વિકલ્પ છે?**

**- ચાંદની પટેલ, ગાંધીનગર**

ધોરણ ૧૨ આર્ટ્સ પછી ઘણા વિકલ્પ આપના માટે છે.પણ આપણે મહત્વ ના વિકલ્પો વિષે વાત કરીએ તો ૧૨ આર્ટ્સ પછી બી.એ. કરી શકો છો.એમાં પણ આપ આપના મનપસંદ ક્ષેત્ર જેવા કે સંગીત,પરફૉર્મિંગ આર્ટસ, સાહિત્ય વિગેરેમાં પ્રભુત્વ મેળવી શકો છો. ત્યાર બાદ એમ.એ કરી શકો છો.બીજો મહત્વનો વિકલ્પ વિચારીએ તો બી.એ – એલ.એલ.બી સાથે પાંચ વર્ષનો કોર્સ કરી શકો છો.જે આપ એન.એલ.યુ એટ્લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી કરી શકો છો. તે માટે આપ સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા આપી શકો છો.અન્ય વિકલ્પ ની વાત કરીએ તો માસ કોમ્યુનિકેશન , જર્નલિસ્મ અથવા મિડિયામાં પણ જઈ શકો છો.જે માટે આપ દિલ્લી યુનિવર્સિટી અથવા સેંટ ઝેવિયર્સ, મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પણ કરી



શકો છો. તેમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. હોટલ મેનેજમેંટ પણ એક સારો વિકલ્પ બની શકે છે જો આપ એ ક્ષેત્ર માં જવા માંગતા હોય તો. એ માટે આપ એન. સી. એચ. એમ. સી. ટી. જે. ઈ. ઈ. ની પરીક્ષા આપી આઈ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાં પણ એડ્મીશન લઈ શકો છો.આ સિવાય અન્ય એક વિકલ્પ તરફ છે લિબરલ સ્ટડીઝ જે તમે એફ.એલ.એ.એમ.ઈ અને ગાંધીનગર સ્થિત પી.ડી.પી.યુ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાંથી પણ કરી શકો છો. લિબરલ સ્ટડીઝ જો પ્રતિષ્ઠિત કોલેજમાંથી કરવું હોય તો આપને પ્રવેશ પરીક્ષા આપવી પડશે. જણાવેલા વિકલ્પો ઉપરાંત પણ ઘણા વિકલ્પ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. હું ટી.વાય.બી.એ માં અભ્યાસ કરું છુ.વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અંગ્રેજી વિષયમાં કેવા પ્રકારના પ્રશ્નો પૂછાય છે? માહિતી આપશો.**

**- મનીષ ચૌધરી, ગાંધીનગર**

મનીષ,આપનો પ્રશ્ન ખૂબ જ સરસ છે.આપના પ્રશ્ન પરથી અંદાજ લગાવી શકાય છે કે આપને પણ મોટાભાગના વિદ્યાર્થીઓની જેમ અંગ્રેજી અઘરું લાગે છે.અંગ્રેજી શીખવા માટે સૌ પ્રથમ પગલું એ છે કે આપે અંગ્રેજીનું નિયમિત વાંચન કરવું જોઈએ. આપ વિવિધ ન્યુઝપેપર અથવા તો અંગ્રજી પુસ્તકો થકી વાંચન કરી શકો છો. કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અંગ્રેજી વિષયમાં મોટાભાગે ચાર પ્રકારના પ્રશ્નો પૂછાય છે.

પ્રથમ પ્રકારની વાત કરીએતો એ છે શબ્દકોષ એટલેકે વોકબૂલરી જેમાં સમાનાર્થી, વિરુધ્ધઅર્થી, રૂઢિપ્રયોગો અને કહેવતોનો સમાવેશ થાય છે. બીજો પ્રકાર છે ગ્રામર એટ્લે ક વ્યાકરણ જેમાં ગ્રામરને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે. ત્રીજો પ્રકાર છે ફકરા પરથી જવાબ એટ્લેકે કોંપ્રુહેંશન જેમાં આપે આપેલ ફકરામાંથીજ જવાબ આપવાના હોય છે. અને છેલ્લો અને અગત્ય નો પ્રકાર છે અંગ્રેજી ભાષા નું એપ્લિકેશન જેમાં ખાલી જગ્યાઓ, સાચા સ્પેલિંગ,સાચી વાક્યરચના જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.તો આ ચાર મહત્વના પ્રકારોને ધ્યાન મા



રાખી તે અનુરુપ આપે મહેનત કરવાની રહેશે.અને આગળ વાત કરીએ તો આપે જેટલુ બની શકે તેટલું વધુ અંગ્રેજીનું વાંચન કરવુ જોઇએ અને કોઇ નવા શબ્દોને આપ આપના મિત્રો અને પરિવારજનો સાથે સામાન્ય વાતચીતમાં પણ ઉપયોગમાં લઇ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ ઈદ્ધ, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 8849221653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

# બીજીવાર આફ્રિકા ભણી

મદ્રાસથી કલકત્તા ગયો. કલકત્તામાં મને મુશ્કેલીઓનો પાર ન રહ્યો. ત્યાં 'ગ્રેટ ઈસ્ટર્ન' હોટેલમાં ઊતર્યો. કોઈને ઓળખુ નહીં. હોટેલમાં 'ડેલી ટેલિગ્રાફ'ના પ્રતિનિધિ મિ. એલર થૉર્પની ઓળખ થઈ. તે રહેતા હતા બંગાળ ક્લબમાં. ત્યાં મને તેમણે નોતર્યો. તે વખતે તેમને ખબર નહોતી કે હોટેલના દીવાનખાનામાં કોઈ હિંદીને ન લઈ જઈ શકાય. પાછળથી તેમણે આ પ્રતિબંધ વિષે જાણ્યુ. તેથી તે મને પોતાની કોટડીમાં લઈ ગયા. હિંદીઓ તરફના સ્થાનિક અંગ્રેજોના આ અણગમાનો તેમને ખેદ થયો. મને દીવાનખાનામાં ન લઈ જવા સારુ માફી માગી.



'બંગાળના દેવ' સુરેન્દ્રનાથ બેનરજીને તો મળવાનું હતું જ. તેમને મળ્યો. હું મળ્યો ત્યારે તેમની આસપાસ બીજા મળનારાઓ હતા. તેમણે કહ્યુ, 'તમારા કામમાં લોકો રસ નહીં લે એવો મને ભય છે. તમે તો જુઓ છો કે અહીં જ કંઈ થોડી વિટંબણાઓ નથી. છતાં તમારે તો બને તે કરવું જ. આ કામમાં તમારે મહારાજાઓની મદદ જોઈશે. બ્રિટિશ ઈન્ડિયા એસોસિયેશનના પ્રતિનિધિઓને મળજો. રાજા સર પ્યારીમોહન મુકરજી અને મહારાજા ટાગોરને મળજો. બંને ઉદાર વૃત્તિના છે ને જાહેર કામમાં ઠીક ભાગ લે છે.' હું આ ગૃહસ્થોને મળ્યો. ત્યાં મારી ચાંચ ન બૂડી. બંનેએ કહ્યું, 'કલકત્તામાં જાહેર સભા કરવી સહેલું કામ નથી. પણ કરવી જ હોય તો ઘણો આધાર સુરેન્દ્રનાથ બેનરજી ઉપર છે.'

મારી મુશ્કેલીઓ વધતી જતી હતી. 'અમૃત બઝાર પત્રિકા'ની ઓફિસે ગયો. ત્યાં પણ જે ગૃહસ્થો મને મળ્યા તેમણે માની લીધેલું કે હું કોઈ ભમતારામ હોવો જોઈએ. 'બંગવાસી' એ તો હદ વાળી. મને એક કલાક સુધી તો બેસાડી જ મૂક્યો. બીજાઓની સાથે અધિપતિસાહેબ વાતો કરતા જાય; તેઓ જતા જાય, પણ પોતે મારી તરફ પણ ન જુએ. એક કલાક રાહ જોઈને મેં મારો પ્રશ્ન છેડયો ત્યારે તેમણે કહ્યુ, 'તમે જોતા નથી અમને કેટલું કામ પડ્યું છે ? તમારા જેવા તો ઘણા અમારે ત્યાં ચાલ્યા આવે છે. તમે વિદાય થાઓ તેમાં જ સારું છે. અમારે તમારી વાત સાંભળવી નથી.' મને ઘડીભર દુઃખ તો થયું, પણ હું અધિપતિનું દ્રષ્ટિબિંદુ સમજ્યો. 'બંગવાસી'ની ખ્યાતિ તો સાંભળી હતી. અધિપતિને ત્યાં માણસો આવતા હતા તે હું જોઈ શક્યો હતો. તેઓ બધા તેમને ઓળખનારા. તેમનુ છાપું તો ભરપૂર રહેતું હતું. દક્ષિણ આફ્રિકાનું તે વેળા તો નામ પણ માંડ જણાયેલું. નિતનવા માણસો પોતાનાં દુઃખ ઠલવવા ચાલ્યાં જ આવે. તેમને તો પોતાનુ દુઃખ મોટામાં મોટો સવાલ હોય. પણ અધિપતિની પાસે તો એવાં દુખિયાં થોકબંધ હોય. બધાંનુ એ બાપડો શું કરે ? વળી દુઃખીને મન છાપાના અધિપતિની સત્તા એટલે મોટી વાત હોય. અધિપતિ પોતે તો જાણતો હોય કે તેની સત્તા તેની કચેરીના દરવાજાનો ઉંબર પણ ન ઓળંગતી હોય.

**૧૫૦ ગાંધીયાત્રા**

હું હાર્યો નહીં. બીજા અધિપતિઓને મળવાનું ચાલું રાખ્યું. મારા રિવાજ મુજબ અંગ્રેજોને પણ મળ્યો. 'સ્ટેટ્સમૅન' અને 'ઈંગ્લિશમૅન' બંને દક્ષિણ આફ્રિકાના સવાલનું મહત્વ જાણતા હતાં. તેમણે લાંબી મુલાકાતો છાપી. 'ઈંગ્લિશમૅન'ના મિ. સૉંડર્સે મને અપનાવ્યો. તેમની ઑફિસ મારે સારુ ખુલ્લી, તેમનું છાપું મારે સારુ ખુલ્લું. પોતાના અગ્રલેખમાં સુધારોવધારો કરવાની પણ મને છૂટ આપી. અમારી વચ્ચે સ્નેહ બંધાયો, એમ કહું તો અતિશયોક્તિ નથી. તેમણે જે મદદ થઈ શકે તે કરવાનું મને વચન આપ્યું. મેં જોયું કે આ વચન તેમણે અક્ષરશઃ પાળ્યુ, ને તેમની તબિયત ખરાબ થઈ ત્યાં લગી તેમણે મારી સાથે પત્રવ્યવહાર જારી રાખ્યો. મારી જિંદગીમાં આવા અણધાર્યા મીઠા સંબંધો અનેક બંધાયા છે. મિ. સૉંડર્સને મારામાં જે ગમ્યું તે અતિશયોક્તિનો અભાવ અને સત્યપરાયણતા હતાં. તેમણે મારી ઊલટતપાસ કરવામાં કચાશ નહોતી રાખી. તેમાં તેમણે જોયું કે દક્ષિણ આફ્રિકાના ગોરાઓના પક્ષને નિષ્પક્ષપાતપણે મૂકવામાં ને તેની તુલના કરવામાં મેં ન્યૂનતા નહોતી રાખી.

મારો અનુભવ મને કહેછે કે સામા પક્ષને ન્યાય આપી આપણે ન્યાય વહેલો મેળવીએ છીએ.

આમ મને અણધારી મદદ મળવાથી કલકત્તામાં પણ જાહેર સભા ભરવાની આશા બંધાઈ. તેવામાં ડરબનથી તાર મળ્યો : 'પાર્લમેન્ટ જાનેવારીમાં મળશે. જલદી પાછા ફરો.'

આથી એક કાગળ છાપાંઓમાં લખી તુરત ઊપડી જવાની અગત્ય જણાવી મેં કલકત્તા છોડ્યુ, ને પહેલી સ્ટીમરે જવાની ગોઠવણ કરવા દાદા અબદુલ્લાના મુંબઈના એજન્ટને તાર કર્યો. દાદા અબદુલ્લાએ પોતે 'કુરલૅંડ' સ્ટીમર વેચાતી લીધી હતી. તેમાં મને તથા મારા કુટુંબને મફત લઈ જવાનો આગ્રહ ધર્યો. મેં ઉપકાર સહિત તે સ્વીકાર કર્યો અને હું ડિસેમ્બરના આરંભમાં 'કુરલૅંડ'માં મારી ધર્મપત્ની, બે દીકરા, ને મારા સ્વર્ગસ્થ બનેવીના એકના એક દીકરાને લઈને દક્ષિણ આફ્રિકા તરફ બીજી વાર રવાના થયો. આ સ્ટીમરની સાથે જ બીજી સ્ટીમર 'નાદરી' પણ ડરબન રવાના થઈ. તેના એજન્ટ દાદા અબદુલ્લા હતા. બંને સ્ટીમરમાં મળી આઠસેંક હિંદી ઊતારુઓ હશે. તેમાંનો અરધ ઉપરાંત ભાગ ટ્રાન્સવાલ જનારો હતો.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર